
# રીંછ રમ્યું ફૂટબોલ

એક ચિત્રકથા



વાર્તા : હરદર્શન સહગલ
ચિત્ર : રંજિત બાલમુચુ

આર્ચ પ્રકાશન
પ્રારંભિક બાળ શિક્ષણ સાહિત્ય શ્રેણી અંતર્ગત (વાચન સ્તર–૩)

# રીંછ રમ્યું ફૂટબોલ

**એકલવ્યની માસિક બાલ વિજ્ઞાન પત્રિકા ‘ચકમક’માં પ્રકાશિત વાર્તા પર આધારિત એક ચિત્રકથા.**

**વાર્તા : હરદર્શન સહગલ**

**ચિત્રાંકન તથા આવરણ : રંજિત બાલમુચુ**

**અક્ષરાંકન : લાલ બહાદુર ઓઝા**

**એકલવ્ય દ્વારા હિન્દી ભાષામાં ‘‘भालू ने खेली फूटबोल’’ નામથી પ્રકાશિત વાર્તાનું ગુજરાતી સંસ્કરણ :**

**આર્ચ, નચિકેતા ટ્રસ્ટ.**

Gujarati Translation of the Story book

“Bhalu Ne Kheli Football” Published in Hindi by Eklavya:

*રીંછ રમ્યું ફૂટબોલ*

પ્રકાશક : એકશન રીસર્ચ ઈન કોમ્યુનીટી હેલ્થ (આર્ચ)
નગારીયા, ધરમપુર,
જિલ્લો : વલસાડ–૩૯૬૦૫૦
ફોન : ૯૮૨૫૬૫૧૩૪૧
arch.dharampur@gmail.com
dhruv561947@yahoo.com

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦, કોપી : ૨૦૦૦
પ્રવિણ મિલેનિયમ ટ્રસ્ટ – લંડનના સૌજન્ય સહકારથી

● આ પુસ્તિકાના કોઈ પણ ભાગનો બિન વ્યાવસાયિક શૈક્ષણિક ઉદેશ્યથી કોપી–લેફ્ટ ચિહ્ન અંતર્ગત ઉપયોગ કરી શકાય છે. સ્રોત તરીકે મૂળ પુસ્તિકાનો ઉલ્લેખ જરૂર કરવો અને આર્ચને સૂચિત કરવું.

સહયોગ રાશિ : રૂા. ૪૫/–

મુદ્રક : માર્ક ક્રિએશન, સુરત
મો.: ૯૯૭૪૦૦૯૨૮૬

# રીંછ રમ્યું ફૂટબોલ

એક ચિત્રકથા

વાર્તા :
હરદર્શન સહગલ

ચિત્ર :
રંજિત બાલમુચુ

આર્ય પ્રકાશન



મૂળ પ્રકાશક:

एकलव्य

Eklavya Foundation
Jamnalal Bajaj Parisar,
Near Fortune Kasturi, Jatkhedi
**Bhopal**
Madhya Pradesh-462 026 (India)
www.eklavya.in
Email: books@eklavya.in




શિયાળાની ઋતુ - સવારનો સમય. ચારે બાજુ
ધુમ્મસ જ ધુમ્મસ.
સિંહનું એક બચ્ચું ટુંટીયું વાળીને, ગોળમટોળ બનીને
જાંબુડાના ઝાડ નીચે પડયું હતું.


આ બાજુ રીંછ સાહેબ ફરવા તો નીકળી પડયા હતા,
પણ પસ્તાઈ રહ્યા હતા.



ત્યાં તો તેમની નજર
જાંબુડાના ઝાડ નીચે પડી.
તેમણે આંખો ફાડી, અક્કલ દોડાવી....




ઓહો! આ તો ફૂટબોલ!
ચાલ આનાથી થોડી
ગરમી મેળવી લઉ.







ના આમ જોયું, ના તેમ ! રીંછભાઈએ તો પાટુ મારીને ઉછાળી દીધું, સિંહના બચ્ચાંને.




ગભરાટમાં સિંહના બચ્ચાંથી
ચીસ પડાઈ ગઈ અને પછી
ઝાડની એક ડાળી પકડી લીધી.

પણ ડાળી તો છૂટી ગઈ. રીંછ સાહેબ તરત જ વાત સમજી ગયા,
પસ્તાયા, પરંતુ બીજી જ ક્ષણે
દોડીને ચપળતાથી બંને હાથ પહોળા કર્યા અને...






સિંહના
બચ્ચાંને
કેચ
કરી લીધું.



અરે! આ શું?

સિંહનું બચ્ચું તો તેને ફરી ઉછાળવા માટે કહેતું હતું.







બીજી વાર...
ત્રીજી વાર...
પછી તો ફરી ફરીથી
આમ જ થવા લાગ્યું.

સિંહના બચ્ચાંને તો ઉછળવાની મજા પડતી હતી.
પણ રીંછભાઈ તો થાકીને લોથ થઈ ગયા હતા.




‘અરેરે...
આ કઈ મુસીબતમાં
ફસાઈ ગયો.’




બારમી કીક મારીને,
રીંછભાઈએ તો ઘર તરફ દોટ મૂકી...
ને થઈ ગયા છૂ!





આ વખતે તો સિંહનું બચ્ચું
ધબાક કરતું જમીન પર પછડાયું.
તેને તો બરાબરનું વાગ્યું.

એજ વખતે ઝાડનો માલિક ત્યાં આવ્યો
અને સિંહના બચ્ચાં પર વરસી પડયો.
‘‘સત્યાનાશ કરી દીધું ઝાડનું.
લાવ નુકસાની.’’
સિંહના બચ્ચાંએ કહ્યું,
‘‘જરા ઠીક તો થઈ જાઉં.’’





અને ઝાડનો માલિક ત્યાંથી જેવો ખસ્યો કે
તરત જ સિંહનું બચ્ચું પણ છૂમંતર થઈ ગયું.
એને થયું, 'જાન બચી તો લાખો પાયે......'



વાંચતા શીખી રહેલા અથવા તો હમણાં-હમણાં જ શીખેલા બાળકો માટે, તેમના ભાવ-વિશ્વને આકર્ષિત કરતું બાળ સાહિત્ય મોટા પ્રમાણમાં હોવું જરૂરી છે. એ માટે તો જેમાં ચિત્રોની ભરમાર હોય અને રસપ્રદ ઝીણવટભરી રજૂઆત હોય તેવી વાર્તાઓથી વિશેષ શું?

સારી ચિત્રવાર્તાઓ ઘણીવાર જિંદગીભર માટે બાળકોની દોસ્ત બની જાય છે. ખાસ કરીને પ્રારંભિક વર્ષો દરમ્યાન આવું બાળ-સાહિત્ય મૂળ ગુજરાતી ઉપરાંત હિન્દી-અંગ્રેજીનાં સમૃધ્ધ ખજાનામાંથી બાળકો સમક્ષ મૂકવા અને બાળકોની ભાષા સમૃધ્ધ કરવાના એક પ્રયત્ન રૂપે આ પુસ્તિકા : *રીંછ રમ્યું ફૂટબૉલ*

પિ. ટા. રા

સહયોગ રાશિઃ રૂા. ૪૫/-